**Judgement** **CC No.94-2023**

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૩/૦૨/૨૦૨૩ | | |
| દાખલ તારીખ | ૧૩/૦૨/૨૦૨૩ | | |
| ફેંસલ તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૩** | **૦૪** | **૧૦** |

**ફોર્મ–એ**

| |
|---|
| **પડધરીના મે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, તા.પડધરી, જી.રાજકોટ.**<br>**ક્રિમીનલ કેસ નં.94/2023**<br>**આંક–૪૫** |
| **પડધરી પો. સ્ટે. ગુ. રજી. નં.–૧૧૨૧૩૦૪૨૨૨૦૩૩૭/૨૦૨૨** |
| **આઈ.પી.સી. ની કલમ – ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ** |

| | |
|---|---|
| ફરીયાદી :– | **શ્રી સરકાર** |
| ફરીયાદ પક્ષ તરફે :– | **વિદ્વાન એ.પી.પી શ્રી ડૉ.જી.એ.ઠાકર.** |
| આરોપી:– | **વશરામભાઈ ગોરાભાઈ ગોહિલ,**<br>રહે. મોટી ચણોલ, તા.પડધરી, જી.રાજકોટ. |
| આરોપી તરફે :– | **વિ.વ.શ્રી પી.કે.કોટક.** |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૭/૦૬/૨૦૨૨ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૨૮/૦૬/૨૦૨૨ |
| આખરી અહેવાલ રજુ થયા તારીખ | ૧૩/૦૨/૨૦૨૩ |
| તહોમતનામુ ઘડયા તારીખ | ૦૫/૦૭/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૩/૦૮/૨૦૨૩ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ |
| સજાની તારીખ જો હોય તો | ––––––– |

## // આરોપીની વિગત //

| **આરોપીનો અનુક્રમ નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડ ની તારીખ** | **જામીન મુક્તિની તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ છોડ્યા/સજા કરી** | **કરવા માં આવેલ સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. અધિનિયમ, ૧૯૭૩ ની કલમ-૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧. | વશરામભાઈ ગોરાભાઈ ગોહિલ | ૦૧/૦૯/૨૨ | - | આઈ.પી.સી. ની કલમ-૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબ | શંકાનો લાભ આપી છોડી મુક્યા | - | - |

## <u>ફોર્મ-સી</u>

## -: ચુકાદાનુ પરિશિષ્ટ:-

### <u>ફરીયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાક્ષીની યાદી</u>

### ક.ફરીયાદપક્ષ

| અનુક્રમ નં. | સાહેદનું નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | સિરાજુદ્દીન જફીરભાઈ ઉદિન | ૦૮ | સાહેદ |
| ૨. | ડાહ્યાભાઈ મોહનભાઈ બુસા | ૦૯, ૨૧ | પંચસાહેદ |
| ૩. | કમાભાઈ ગોરાભાઈ ગોહીલ | ૧૬ | ફરિયાદી |
| ૪. | ડૉ. જૈમિતકુમાર મનસુખભાઈ રામાણી | ૨૪ | મે.ઓ. |
| ૫. | અશોકભાઈ ખીમજીભાઈ ખુંટ | ૩૧ | સાહેદ |
| ૬. | સોમીબેન કમાભાઈ ગોહિલ | ૪૪ | સાહેદ |

### ખ. બચાવપક્ષના સાક્ષી, જો હોય તો

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

## ગ. અદાલતના સાક્ષી, જો હોય તો

| અનુક્રમ નં. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| -- | -- | -- |

## ફરીયાદપક્ષ/ બચાવપક્ષ/ અદાલતના દસ્તાવેજોના આંકની યાદી

## ક. ફરીયાદપક્ષ

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૦ | અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૨. | ૧૭ | અસલ ફરિયાદ |
| ૩. | ૨૨ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૪. | ૨૫ | એમ.એલ.સી. નં.૮૦૫૫૦૬ |
| ૫. | ૨૬ | સારવાર ઈન્ડોર કેસ ફાઈલ |
| ૬. | ૨૭ | ઓરીજીનલ એક્ષ-રે નંગ-૫ |
| ૭. | ૩૧, ૩૨ | એફ.આઈ.આર. |
| ૮. | ૩૨, ૩૩ | ડેપ્યુટ હુકમ |
| ૯. | ૩૪ | ગુન્હો રજીસ્ટર કરવાનો રીપોર્ટ |
| ૧૦. | ૩૬, ૩૭ | સારવાર પ્રમાણપત્ર તથા સાધનીક કાગળો |
| ૧૧. | ૩૮ | તપાસનાં કામે વળતર મેળવવા આઈ.ઓ.સી. ને કરેલ અધિકાર / સંમતીપત્ર |
| ૧૨. | ૩૯ | કલેકટર કચેરીનો ઓથોરીટી લેટર |
| ૧૩. | ૪૦ | મામલતદારશ્રી, પડધરીનો ઓથોરીટી લેટર |
| ૧૪. | ૪૧ | જાહેરનામું |

## ખ. બચાવપક્ષ પક્ષ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| NIL | | |

## ગ. અદાલત

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| NIL | | |

## ઘ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| મુદ્દામાલ પાવતી નં.૧૩૦/૨૦૨૨, તા.૦૧/૦૯/૨૦૨૨ મુજબ | | |

**( ૧ ) ફરીયાદની ટુંકમાં હકીકત :–**

હાલનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ બપોરનાં એક થી દોઢ વાગ્યાનાં અરસામાં આ કામનાં ફરિયાદી તેમની જમીનમાંથી આઈ.ઓ.સી.એલ. ની લાઈન નિકળતી હોય અને જમીન લેવલ કરાવતા હોય ત્યાં આરોપી આવી સાહેદ તથા ફરિયાદીને બેફામ ગાળો આપી ફરિયાદીને લાકડી વતી ડાબા હાથનાં બાવળામાં તથા જમણા હાથની કલાઈમાં તથા ડાબા પગનાં ગોઠણમાં તથા વાંસાના ભાગે એમ આડેધડ લાકડીઓ મારી મુંઢ ઈજાઓ પહોંચાડી, મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબનાં જાહેરનામાનો ભંગ કરેલ જે બનાવ અંગેની ફરીયાદ ફરીયાદીએ નોંધાવતા જે પડધરી પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.–ફર્સ્ટ–૧૧૨૧૩૦૪૨૨૨૦૩૩૭/૨૦૨૨ થી આઈ.પી.સી.ની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ ગુનો આચરેલ હોય જે નોંધેલ અને તપાસનાં અંતે ત.ક.અ. એ અદાલતમાં આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨) કેસ કાર્યવાહી :–**

ફરીયાદીની ફરીયાદના અનુસંધાને આ કામના તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરી ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ–૧૭૩ અન્વયે અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલું. આ કામના આરોપી જામીન મુકત હોય, અત્રેની કોર્ટને ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ–૧૯૦ અન્વયે કોગ્નીઝન્સ લેવાની સત્તા હોય, આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો નકલો ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી વિરૂદ્ધનો ગુનો સમન્સ ટ્રાયબલ હોય આરોપીને ગુનાની હકીકતોને વાંચી સંભળાવી, સમજાવી આરોપીની આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી આંક–૦૫ થી પ્લી નોંધવામાં આવેલી, આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ ની કાર્યવાહી આગળ ચલાવવાની વિનંતી કરેલી તેથી ફરીયાદપક્ષ તરફે કેસ આગળ ચલાવેલ છે.

(૩) ફરિયાદપક્ષ તરફે આ સિવાય અન્ય કોઇ મૌખિક કે લેખીત

દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું મૌખિક વિનંતી કરી પુરાવો પુરો કરેલ હોવાનું જાહેર કરેલ છે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઇ આવતાં આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને તેમાં તેઓએ ફરિયાદની હકીકતનો ઈન્કાર કરી, નિર્દોષ હોવાનું જણાવેલ છે. તેમજ આરોપીપક્ષ તરફે કોઈ પુરાવા રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે.

**(૪) દલીલો:–**

**(૪.૧) ફરિયાદપક્ષે દલીલ:–**

ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દલીલ કરતા જણાવે છે કે, આરોપી સાહેદ તથા ફરિયાદીને બેફામ ગાળો આપી ફરિયાદીને લાકડી વતી ડાબા હાથનાં બાવળામાં તથા જમણા હાથની કલાઈમાં તથા ડાબા પગનાં ગોઠણમાં તથા વાંસાના ભાગે એમ આડેધડ લાકડીઓ મારી મુંઢ ઈજાઓ પહોંચાડી, જાહેરનામાનો ભંગ કરેલ છે અને તે હકિકત ફરિયાદી તથા તપાસેલ સાહેદો તેઓની જુબાનીમાં જણાવે છે આમ,ફરિયાદ હકિકત મુજબનો ગુનો ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોય આરોપીઓને મહતમ સજા કરવા અરજ ગુજારેલ છે.

**(૪. ૨ ) બચાવપક્ષે દલીલ:–**

બચાવપક્ષે વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે, સદર કામે તપાસેલ પંચ સાહેદો હોસ્ટાઈલ છે.ફરિયાદી સિવાય કોઈ સાહેદ ફરિયાદ હકિકતને સમર્થન કરતા નથી. આંક–૦૬ થી તપાસેલ સાહેદ પણ તેઓની જુબાનીમાં બનાવ નજરે જોયેલ ન હોવાનુ જણાવે છે. બાબતે કંઈ જાણતા ન હોફરિયાદીને આરોપીએ કોઈ ગાળો આપેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી. ફરિયાદી હાલ પણ એજ જગ્યાએ રહે છે જયાં તેઓ બનાવ સમયે રહેતા હતા.ફરિયાદપક્ષે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ન હોય

આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ઉપરોકત હકીકતના આધારે ફરીયાદપક્ષનો કેસ, **આરોપીઓ** નો બચાવ તથા રજુ થયેલા દસ્તાવેજી પુરાવાને ધ્યાનમાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**::- <u>મુદ્દાઓ</u> -::**

૧. શું ફરિયાદી નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ બપોરનાં એક થી દોઢ વાગ્યાનાં અરસામાં આ કામનાં ફરિયાદી તેમની જમીનમાંથી આઈ.ઓ.સી.એલ. ની લાઈન નિકળતી હોય અને જમીન લેવલ કરાવતા હોય ત્યાં આરોપી આવી સાહેદ તથા ફરિયાદીને લાકડી વતી ડાબા હાથનાં બાવળામાં તથા જમણા હાથની કલાઈમાં તથા ડાબા પગનાં ગોઠણમાં તથા વાંસાના ભાગે એમ આડેધડ લાકડીઓ મારી મુંઢ ઈજાઓ પહોંચાડી આઈ.પી.સી.ની કલમ-૩૨૫, ૩૨૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું ફરિયાદી નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ સાહેદ તથા ફરિયાદીને બેફામ ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી આઈ.પી.સી.ની કલમ-૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

૩. શું ફરિયાદી નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબનાં જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

૪. શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો હવે પછીથી આ ઠરાવમાં આપેલા કારણોના આધારે નીચે મુજબ છે.

:: **નિ ર્ણ યો** ::

૧. નકારમાં,

૨. નકારમાં,

૩. નકારમાં,

૪. આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**(૭) સામાન્ય સિંધ્ધાત :-**

આ કામે આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે. અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે. હાલના ગુનામાં આરોપીઓ વિરૂધ્ધની હકિકત નિ:શંકપણે સાબિત કરવા અંગેના પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. વધુમાં ફોજદારી કેસ જયારે શરુ કરવામાં આવે ત્યારે આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે જ શરુ થાય છે તેમજ ભારતીય પુરાવા ધારાની કલમ-૧૦૧ થી ૧૦૩ ની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે અને આ પુરાવાનો બોજ આરોપી ઉપર કયારેય તબદીલ થતો નથી સિવાય કે લાગુ પડતા કોઈ કાયદામાં તે સંદર્ભે કોઈ ખાસ પ્રકારની જોગવાઈ કરવામાં આવી હોય. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટે **Kali Ram v/s State of Himachal Pradesh reported in (1973) 2 SCC 808**, મા ઠરાવેલ છે કે**,**

> **ccone of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions**

> **arise regarding the guilt of the accused but the burden even in those cases is upon the,prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption. The onus even in such cases upon the accused is not as heavy as is normally upon the prosecution to prove the guilt of the accused. If some material is brought on the record consistent with the innocence of the accused which may reasonably be true, even though it is not positively proved to be true,the accused would be entitled to acquittal."**

આમ, હાલનાં ગુન્હામાં આરોપી વિરૂદ્ધની હકીકત નિઃશંકપણે સાબીત કરવા અંગેનાં પુરવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. આ આ કામે આરોપી સામે જ્યારે આઈ.પી.સી.ની કલમ–૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હાનાં આક્ષેપ છે. ત્યારે આ કામે આરોપી સામેનાં ગુન્હાનું તહોમત ધ્યાને લેતાં, ફરિયાદપક્ષે નીચે મુજબનાં આવશ્યક તત્વો પુરવાર કરવા જોઈએ. સદર ગુન્હાનાં આવશ્યકત તત્વો નીચે પ્રમાણે છે.

| કલમ – ૩૨૫ | તત્વો |
|---|---|
| ૧. | આરોપીએ ઈજા કરી. |
| ૨. | ઈજા કલમ–૩૨૦ માં વ્યાખ્યા કર્યા પ્રમાણે ગંભીર હતી. |
| ૩. | ઈજા "સ્વેચ્છાથી" કરાઈ હતી. |

| કલમ–૩૨૩ | તત્વો |
|---|---|
| ૧. | આરોપીએ ફરિયાદીને ખરેખર શારીરિક પીડા, રોગ અથવા અશક્તતા પહોંચાડી હતી. |
| ૨. | આરોપીએ એવું ઈજા પહોંચાડવા અથવા એમ જાણીને કર્યું કે તેનાથી ઈજા પહોંચશે. |

| કલમ–૫૦૪ | તત્વો |
|---|---|
| ૧. | આરોપીએ કોઈ વ્યક્તિનું અપમાન કર્યું હતું, |
| ૨. | તેણે ઈરાદાપૂર્વક આમ કર્યું હતું, |

| | |
|---|---|
| ૩. | તેણે, તેમ કરીને, તે વ્યકિતને ઉશ્કેરાટનું કારણ આપ્યુ હતું. |
| કલમ–૫૦૬(૨) | તત્વો |
| ૧. | આરોપીએ કોઈકને ઈજા કરવાને ઈરાદાથી ધમકી આપેલી અથવા તેની આબરૂ અથવા મિલકતને નુકસાન થાય તે માટે આવી ધમકી આપેલી અથવા આવી વ્યક્તિ જે વ્યકિતમાં રસ ધરાવતી હતી તેવી વ્યક્તિને ઈજા કરવા અથવા તેની આબરૂ કે મિલકતને નુકસાન કરવા માટે ધમકી આપી હતી. |
| ૨. | આરોપીએ ગુનાનો ભોગ બનનાર અને ચેતવણી આપવાના ઈરાદાથી આ કરેલુ. |
| ૩. | આરોપીએ કોઈ કૃત્ય ભોગ બનનારને થાય તે માટે કરેલુ કે જે માટે તે કાયદેસર બંધાયેલા હતા નહિ. |
| કલમ–૧૩૫ | તત્વો |
| ૧. | બનાવ સ્થળ અને સમય અંગે જી.પી.એકટની કલમ–૩૭ મુજબ કાયદેસર રીતે હથીયાર બંધી અંગે હુકમ કરવામાં આવેલ અને તે હુકમ અસ્તિત્વમાં હતો. |
| ૨. | હથીયાર બંધી અંગેનાં હુકમ જાહેરનામા માટે ઠરાવેલ પદ્ધતિથી, યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવામાં આવેલ, |
| ૩. | આ કામનાં આરોપીએ સદરહું જાહેરનામાંથી પ્રતિબંધિત જગ્યામાં હથીયાર ધાર કરી તે હુકમનું પાલન કરેલ નથી, અથવા તેનું પાલન ન કરવામાં કોઈ મદદ કરેલ છે. |

(૮) આમ,ઉપરોકત આવશ્યક તત્વો ધ્યાને રાખી સદર કામે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદોની જુબાની ધ્યાને લેવી જરૂરી છે જે નીચે પ્રમાણે છે.

**(૮.૧) સાહેદ ની જુબાની:–**

ફરિયાદપક્ષ તરફે સાહેદ સિરાજુદ્દિન જફીરભાઈ ઉદિન આંક–૧૫ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ બપોરના સમયે ચણોલ ગામ વણપરી સીમમાંથી નિકળતી લાઇન માંથી કોઇ કારણસર રીપેરીંગ કરીને લાઈન ખુલ્લી હતી આ લાઈન આઇ.ઓ.સી.એલની હતી જેમાં અમો તે સમયે સુપર વાયઈઝર હોય અમોને આ લાઇન બુરવાની કામગીરી સોપેંલ હોય અને અમો લાઇન બુરવા ગયેલ હતા તે વખતે વાડિ માલિક કમાભાઇ ના મોટા ભાઈ વસરામભાઈ ગોહિલ સ્થળ પર આવેલ અને વસરામભાઈ એ કહેલ કે તમે આ કામ બંધ કરો કોણે પુછીને કામ કરો છો તેથી અમે કહેલ કે અમે કંપનીના હુકમથી કામ કરીએ છીએ જેથી કમાભાઇએ કંપનીમાં ફોન કરી વાત કરેલ અને અમોને કહેલ આ જમીન અમારી છે અમારી પાસે સ્ટે ઓર્ડર છે તમે કામ બંધ કરો જેથી અમારી કંપની વાળા બંધ કરતા અમારી કંપની માંથી અધિકારી આવેલ અને અમોને સ્થળ પરથી જતા રહેવાનું જણાવેલ તેથી અમો ત્યાંથી જતા રહેલ અને ત્યારબાદ શું થયેલ તેની મને ખબર નથી. આરોપીને જોયેથી ઓળખી શકુ છું આજ રોજ આરોપી તર્ફે હાજરી માફીની અરજ હોય ઓળખની તકરાર નથી. વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિ ગયેલા જાહેર કરી ઉલટ તપાસ કરવા છતાં ફરિયાદીની હકીકતને સમર્થન કરેલ નથી.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્બારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ સ્થળે કોઇ ગાળા ગાળી કે મારા મારી થયેલ હોય તેમ બનેલ નથી અને મેં કમાભાઇ એ કોઇ ગાળા ગાળી કરેલ હોય કે મારા મારી કરેલ હોય તેની મને ખબર નથી અને મેં બનાવ નજરે જોયેલ નથી.

**(૮.૨) પંચસાહેદોની જુબાની :–**

ફરિયાદપક્ષ તરફે આંક–૦૯ તથા આંક–૨૧ થી પંચસાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદર પંચસાહેદ તેઓનાં કોર્ટ રૂબરૂનાં સોગંદનામા ઉપરનાં મૌખિક પુરાવા દરમ્યાન હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને

હોસ્ટાઈલ જાહેર થયા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા સદરહું પંચસાહેદની વિગતવારની ઉલટ તપાસ કરવાં આવેલ હોવા છતાં તેઓ પોતાનાં સરતપાસનાં પુરાવાને વળગી રહેલ છે અને આંક–૧૦, ૨૨ થી રજુ પંચનામાની હકીકતને લેષમાત્ર સમર્થન કરેલ નથી.

**(૮.૩) ફરિયાદીની જુબાની:–**

ફરિયાદપક્ષ તરફે ફરિયાદી કમાભાઈ ગોરાભાઈ ગોહિલ આંક–૧૬ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હાલનો બનાવ ની તારીખ મને યાદ નથી. હાલનો બનાવ આશરે દોઢેક વર્ષ પહેલા બનેલ હતો. અમારૂ ભાઈઓ ભાગનું ખેતર જે ડોશીવાળુ ખેતર તરીકે ઓળખાઈ છે જે વણપરી ગામનું ખેતર પડધરી હાઇ–વે ઉપર આવેલ છું આ ખેતરે હું બપોરે સાડા બારેક વાગ્યાની આસપાસ ગયેલ ત્યારે મેં જોયેલ કે ત્યાં આઇ.ઓ.સીના બે સરકારી સાહેબો ઉભા હતા અને ખેતરમાં તેમની સાથે એક જેસીબી હતું. આ ખેતરમાં આ સાહેબો આઇ.ઓ.સી.ની ઓઇલ ની પાઇપ લાઇનના ખાડાનું કામકાજ કરતા હતા. જેથી મેં તે સાહેબોને કહેલ કે ઓમોને હજી પુરૂ વળતર મળેલ નથી તો સાહેબોએ કહેલ કે હાલ વળતર પુરતું બે ખાડા બાકી રાખીશુ વળતર મળે ત્યારે પુરવા દેજો બાકીના પુરી દઇએ અને આ વાતચીત ચાલુ હતી તે દરમ્યાન મારા મોટાભાઈ વસરામભાઈ ગોરાભાઈ ગોહિલ સ્થળ પર આવેલ હતા અને તેઓ જે.સી.બી ચાલકને મન ફાવે તેમ ગાળો આપી કહેલ કે તારૂ જે.સી.બી બહાળ કાઢી લે નહિતર તને ધોકા ભેગો પાડી દઈશ તેમજ ત્યાં આવેલ સાબેહોને પણ મળજી પડે તેવી ગાળો આપેલ હતી તેમજ મારા ભાઈ વસરામભાઈએ ત્યાં આવેલ સાહેબોને કહેલ કે તે અમારી જમીનમાં બાવળો ઉઘાડી દિધેલ છે. ત્યારે મેં મારા ભાઈને કહેલ કે આઇ.ઓ.સીના સાહેબો એ બાવળો ઉઘાડેલ નથી આ બાવળો આપણી ભુલના કારણે બાવળો ઉગેલા છે તેમ કહેતા મારા ભાઈ વસરામભાઈ લાકડી લઈ મારી પર તુટી પડીયા અને મને ડાબા પગના ગુડા (ધુંઠણ) તથા જમણા ખભાની પાછળ પીઠના ભાગે તેમજ જમણા કાંડે મારેલ હતું, પછી ફરી ડાબા હાથના પંજામાં માર મારેલ હતો અને મને તેમાં ડાબા હાથની છેલ્લી આંગળીમાં ફ્રેકચર થયેલ હતું. જેથી

બનાવ બનતા જેસીબી તેમજ ત્યાં હાજર સાહેબો મને છોડાવવા માટે મને વચ્ચે પડ્યા હતા અને છુટા પાડેલ હતા. મને બનાવમાં ઈજા થતા મેં ૧૦૮ ને ફોન કરતા તે અમારા ખેતરના છેડે આવેલ હતી અને મને સારવાર માટે પડધરી સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલ હતા. ત્યાં મને પ્રાથમિક સારવાર આપી મને વધુ સારવાર માટે રાજકોટ સીવીલ ખાતે લઈ ગયેલ હતા. મને ફરજ પરના ડોંકટરે કહેલ કે તમને ડાબા હાથની આંગળીમાં ફ્રેકચર છે ઓપરેશન કરવું પડશે તમારે હાલ જવું હોય તો જઈ શકો છો અને મારા પત્ની ઘરે એકલા હોય હું ઘરે આવેલ હતો. ત્યારબાદ ઘરે આવી મેં પડધરી પો.સ્ટે માં ફરીયાદ આપેલ હતી મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં ફરીયાદી તરીકે મારી સહિ છે જે હું ઓળખી બતાવું છું સદરહું ફરીયાદને રજુ દાખલ આંક–૧૭ આપવામાં આવે છે. ફરીયાદ આપી મેં સરકારી દવાખાને ઈજાનું ઓપરેશન કરાવેલ હતું અને મને છ માસ સુધી તકલીફ રહેલ હતી અને હજુ પણ મને ઈજા વાળી જગ્યાએ તકલીફ છે.મને બનાવમાં ઉપયોગ થયેલ લાકડી બતાવવામાં આવે તો હું ઓળખી શકુ છું. આરોપી સાહેદના ભાઈ થતા હોય તેમને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે. મને સદર કામે એમ.આર નં.૦૨/૨૪ પડધરી પો.સ્ટેના એ પાર્ટ– ગુ.ર.નં.૦૩૩૭/૨૨, ઇ.પી.કોની કલમ–૩૨૩, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ–૧૩૫ ના કામે આરોપી પાસેથી કબજે લીધેલ એક ઇંચની પહોળાઇ વાળી વાંસની ચાર ગાંઠ વાળી આશરે ત્રણ ફુટની લંબાઇ વાળી લાકડી કિ.રૂ.૦૦ વાળી બતાવવામાં આવે છે તે જોઇને જણાવું છું કે આ લાકડી કાયમ મારા મોટાભાઇ વસરામભાઈ સાથે રાખતા હતા અને બનાવના દિવસે આ લાકડી મારા ભાઈ વસરામ પાસે હતી અને તેને મને આ લાકડી ફેરવીને મારેલ તે જ લાકડી છે જે હું ઓળખી બતાવું છું. સાહેદને આંક–૩ ની મુદ્દામાલ પાવતી બતાવવામાં આવે છે તે જોઇને જણાવું છું કે તેમાં લાકડીનું જે વર્ણન લખેલ છે તેજ વર્ણન સદર લાકડી ઉપર ચોટાડેલ સફેદ પાવતી ઉપર લખેલ છે સદરહું મુદ્દામાલ પાવતીને રજુ દાખલ આંક–૧૮ આપવામાં આવે છે.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હું ભણેલ નથી હું અભણ છું અને

સદરહું ગુનાવાળી જમીન–જગ્યા એ મારી તથા મારા ભાઇઓની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની જમીનમાં બનેલ હતો. વસરામભાઇ એ મારા સગાભાઇ થતા હોય મેં તેમને સારી રીતે ઓળખુ છું. હાલના બનાવની ફરીયાદ પડધરી પો.સ્ટેમાં આપેલ હતી. પહેલા લોધિકા પોલીસ સ્ટેશન ગયેલ અને ત્યારબાદ પડધરી પો.સ્ટેમાં ફરીયાદ આપેલ હતી. સામાન્ય રીતે મારો ભાઈ મને લાફો મારે તો મને ખબર પડે આ લાફો મારા ભાઇએ મારેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મારા ભાઇએ મારા વિરૂદ્ધમાં પડધરી પો.સ્ટેમાં ફરીયાદ કરેલ છે અને તેનો કેસ પડધરી કોર્ટમાં ચાલે છે તેની મને ખબર છે પડધરી પોલીસે મને અટક કરેલ હતી અને પોલીસે મારી પાસેથી લાકડી કબજે કરેલ ન હતી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મારા મોટાભાઇને મેં લાકડી મારેલ અને ફ્રેકચર કરેલ હતી. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મેં ૧૦૮ ને ફોન કરેલ અને ૧૦૮ એ મને સારવાર માટે દવાખાને લઇ ગયેલ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, હું કર્મયોગી પાર્ક અંકુર સોસાયટીની બાજુમાં તા.કલોલ ખાતે રહુ છું. સાહેદ જણાવે છે કે છેલ્લા ચાર વર્ષથી અમે મોટી ચણોલ ખાતે રહિએ છીએ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, વણપરી ગામ રે.સ.નં.૬૦ પૈકી ૧ તથા ૬૧ પૈકી ૩ ની ખેતીની જમીન વસરામભાઇ વાવવા રાખેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હાલનો આઇ.ઓ.સીના કર્મચારીઓની હાજરીમાં બનેલ હતો. સાહેદ જણાવે છે કે આઇ.ઓ.સીના સાહેબે જ મને બચાવેલ હતો નહિતો મને પતાવી દીધેલ હોત. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપીએ આઇ.ઓ.સીના અધિકારીને ગાળો આપેલ નથી. સાહેદ જણાવે છે કે આરોપીએ આઇ.ઓ.સીના અધિકારીઓને ગાળો આપી ધોકો લઇ મારવા દોડેલ હતા અને જે.સી.બી ચાલકને કહેલ કે જતો રે નકર અહિને અહિ પતાવી દઇશ. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, જે.સી.બીના ચાલકે આરોપીને કહેલ કે અહિથી તું જતો રે નહિતર ખાડામાં નાખી પુરી દઇશ. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પડધરી કોર્ટમાં હું અને જે.સી.બીના ડ્રાઇવરને આરોપી બનાવેલ છે અને બનાવના દિવસે ૧૦૮ માં સૌપ્રથમ મને પડધરી સારવાર માટે લઇ ગયેલ અને ત્યારબાદ તે જ દિવસે રાજકોટ વધુ સારવાર માટે લઇ ગયેલ હતા.રાજકોટ હોસ્પિટલમાં મને ચાર કલાક સારવાર

આપી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મામલતદાર પડધરી મારા વિરૂદ્ધમાં કોઇ જમીનનો કોઇ તકરારી કેસ ચાલતો નથી. મામલતદારે બનાવ જગ્યા બાબતે તકરારી કેસમાં યથાવત સ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરેલ છે કે કેમ તે મને ખબર નથી અને આ બનાવ વાળી જગ્યામાં બાવળ આપણી ભુલના કારણે ઉગેલ છે તેવું વસરામભાઇને કીધેલ નથી. હું જન્મ થી મોટી ચણોલ ખાતે રહુ છું અને મારા મોટાભાઇ પણ જન્મ થી મોટી ચણોલ ગામે રહે છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મારા મોટાભાઇએ મને કોઇ ગાળો આપેલ નથી અને મારા મોટાભાઇએ મને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપેલ નથી તથા હું ચણોલ ગામમાં હમેંશા મારા ઘરમાં જ રહુ છું બહાર નિકળતો નથી. મારે કામ હોય તો ઘરની બહાર નિકળુ છું. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મને થયેલ ઇજા મારા ખેતરમાં મોટર સાયકલ ચલાવતા થયેલ હતી.હું મારા ઘરમાં સવારે પુંજાપાઠ કરતો નથી. હું ટી.વી જોતો નથી અને રેડિઓ સાંભળતો નથી. હું ઘરમાં શાંતિ થી રહુ છું. બીજી કોઇ માથાકુટ છે નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મારા મોટા ભાઇએ કેસ કરેલ છે તેથી મેં તેમને દબાણમાં લાવવા માટે હાલનો ખોટો કેસ કરી ખોટી જુબાની આપુ છું.

**(૮.૪) ડોકટર સાહેદની જુબાની:–**

ફરિયાદપક્ષ તરફે ડૉ.જેમિતકુમાર મનસુખભાઈ રામાણી આંક–૩૫ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હું પંડિત દિન દયાલ મેડિકલ કોલેજ અને સરકારી હોસ્પિટલ રાજકોટ ખાતે સને–૨૦૨૧ થી મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતા હતા. ગત તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ ના કલાક–૦૩.૨૧ પી.એમ વાગ્યે દર્દી કમાભાઇ ગોરાભાઇ ગોહિલને તેમના સગા નૈતિકભાઇ સારવાર અર્થે લાવેલ હતા. દર્દીને મારી સમક્ષ લાવતા તેમને ઇજા કઇ રીતે થયેલ તે હિસ્ટ્રી બાબતે પુછતા તેમને જણાવેલ કે તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ બપોરના ૧૨.૩૦ વાગ્યે મોટી ચણોલમાં ગામે એક વ્યક્તિએ લાકડી વડે માર મારતા સારવાર માટે હોસ્પિટલ લાવેલ હતા. તેમને સી.એચ.સી પડધરી ખાતે થી રીફર કરવામાં આવેલ હતા. આ દર્દીની

ઈજા બાબતે પુછતા જણાવેલ કે તેમને ડાબા હાથમાં, ખભાના ભાગે ફોરઆર્મના ભાગે તથા ડાબા ઘુંટણના ભાગે દુખાવા તથા સોજાની ફરીયાદ હતી અને ત્યાં ચકાસણી કરતા લાલ ચકામાં જોવામાં આવેલ હતા. જેથી તેમને સર્જરી વોર્ડ–૮ માં દાખલ કરવામાં આવેલ હતા અને સર્જરી વોર્ડમાં ત્યાં તેમની છાતીના અને ડાબા હાથ તથા ડાબો ખંભો તથા ડાબો ફોરઆર્મ તથા ડાબા કોણીના ભાગે તથા ડાબા પગ તથા જમણા હાથનો એક્ષ–રે લેવામાં આવેલ હતા. આ એક્ષ–રે ના રીપોર્ટ મુજબ તેમને ડાબા હાથમાં હાથના પંજામાં છેલ્લી આંગળી પાસે ફ્રેક્ચર જોવા મળેલ હતું. આ દર્દી ત્યારે સભાન અવસ્થામાં હતા. મારા અભિપ્રાય મુજબ હિસ્ટ્રીમાં લખાવ્યા મુજબ લાકડી વડે થઇ શકે તે પ્રકારની છે. આ ઈજા ચાર થી છ અઠવાડિયામાં સંપુર્ણ સારી થતા સમય લાગી શકે તે પ્રકારની હતી. આ દર્દી તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ સાંજન ડૉકટરની સલાહ વિરૂદ્ધ ચાલ્યા ગયેલ હતા. આજ રોજ મને એમ.એલ.સી કેસ નંબર–૮૦૫૫૦૬ નું સારવાર પ્રમાણપત્ર બતાવવામાં આવે છે તે અમોએ મારા હસ્તાક્ષરમાં તૈયાર કરેલ અને અમોએ હોદ્દા સાથે સહિ કરેલ હતી જે સહિ હું ઓળખી બતાવું છું. આ સારવાર પ્રમાણપત્રને રજુ દાખલ આંક–૨૫ આપવામાં આવે છે. તેમજ દર્દીની સારવારની ઈન્ડોર કેસ ફાઇલ તથા ઓરીજનલ એક્ષ–રે નંગ–૫ રજુ કરૂ છું તેને અનુક્રમે રજુ દાખલ આંક–૨૬ તથા ૨૭ આપવામાં આવે છે

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આ દર્દીની સારવાર મેં કરેલ નથી. સાહેદ જણાવે છે કે આ દર્દીની પ્રાથમિક સારવાર અમોએ કરેલ હતી અને ત્યારબાદ ઈન્ડોર દર્દી તરીકે જેતે વોર્ડના ડૉકટર સાહેબે દર્દીની સારવાર કરેલ હતી. અમોએ આ અગાઉ કેસ નં.૬૧/૨૩ માં જે દર્દીની વાત કરેલ છે તે દર્દી અને આ કેસના દર્દીની પ્રાથમિક સારવાર અમોએ કરેલ છે. સવાલ પુછવામાં આવેલ છે કે, તમોએ દર્દીને થયેલ ઈજા તાજી છે કે કેમ તથા તેનો કોઇ સમય જણાવેલ નથી. તેના જવાબમાં જણાવે છે કે, દર્દીને જે લાલ ચકામો થયેલ હતો તે તાજી ઈજા તરીકે ગણી શકાય છે કોર્ટ દ્વારા પુછવામાં આવેલ સવાલના જવાબમાં સાહેદ જણાવે છે કે લાલ ચકામા વાળી ઈજા ચાર થી છ કલાક જુની

હોય શકે છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, દર્દીને ઈજા કરનારનું કોઇ નામ હિસ્ટ્રીમાં અમોને લખાવેલ નથી અને દર્દીને થયેલ ઈજા તે પડી જાય અને કોઈ બોથર્ડ પદાર્થ સાથે ટકરાય તો થઇ શકે તે પ્રકારની હતી તથા દર્દીને થયેલ ઈજા એ લાકડી થી જ થયેલ હોય તેવું હું ચોક્કસ પણે કહિ શકુ નહિ.

(૮.૫) ફરિયાદપક્ષ તરફે સાહેદ અશોકભાઈ ખીમજીભઆઈ ખુંટ આંક– ૩૧ થી તેઓએ જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, અમો પડધરી પો.સ્ટે ખાતે જુન ૨૦૨૨ મા પડધરી પો.સ્ટેમા હે.કોન્સ તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન ગત તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ આ કામના ફરીયાદી કમાભાઈ ગોરાભાઈ ગોહીલનાઓએ પડધરી પો.સ્ટે ખાતે આ કામના આરોપી વશરામભાઈ ગોરાભાઈ ગોહીલ વીરુધ્ધ આઈ.પી.સી કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી પી એકટ ૧૩૫ મુજબ આરોપીએ ગુન્હો કરેલ હોય તે મુજબ ફરીયાદ આપતા પડધરી પો.સ્ટે ખાતે એફ.આઈ.આર ૨૨૦૩૩૭/૨૦૨૨ થી ગુન્હો દાખલ કરેલ. જે અસલ એફ.આઈ.આર મને બતાવામાં આવે છે જેમાં પી.એસ.ઓ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે ને દા.રજુ આંક ૩૧ આપવામાં આવે છે.ત્યારબાદ આ કામની સદર એફ.આઈ.આર નોંધી એમ એલ.સી ના કામે સૌપ્રથમ તપાસ અમારા કામના પુરોગામી આર.જી.જારીયાનાઓએ પો.હે.કોન્સ પી.પી.સોલંકી નાઓને સોંપવામાં આવેલી.ત્યારબાદ આ કામની આગળની તપાસ લેખીત ડે.હુકમથી અમો દ્રારા પી.પી.સોલંકીનાઓને સોંપવામા આવેલી જે અંગેનો લેખીત ડે.હુકમ મને બતાવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને દા.રજુ આંક ૩૨ આપવામાં આવે છે.તેમજ આ કામે તપાસ કરનાર દ્રારા ગુન્હો રજી કરવા રીપોર્ટ આપવામા આવેલો જે આ કામે રજુ જેને દા રજુ આંક ૩૩ આપવામા આવે છે.આ સીવાય મારે બીજુ કાંઈ કહેવુ નથી.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફરીયાદી મારી પાસે ફરીયાદ લખાવવા માટે આવેલા અને ફરીયાદમા સહી ફરીયાદીની છે તથા મે ગુન્હો દાખલ કર્યા સીવાય કોઈ કામગીરી કરેલ નથી તેમજ મે ગુન્હો દાખલ કર્યો ત્યારે મુળ ફરીયાદી હાજર ન હતા. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મુળ પી.એસ.ઓ ને

સમર્થન આપવા માટે ખોટી જુબાની આપુ છુ.

**(૮.૬) તપાસ કરનાર અધિકારીની જુબાની:–**

ફરિયાદપક્ષ તરફે ત.ક.અ. પ્રદિપભાઈ પ્રતાપભાઈ સોલંકી આંક– ૩૫ થી તેઓની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, હુ ગત તા.૨૯/૦૬/૨૦૨૨ ના રોજ હું પડધરી પો.સ્ટે ખાતે હે.કોન્સ તરીકે ફરજ બજાવતા હતો ત્યારે આ કામના ફરીયાદી કમાભાઈ ગોરાભાઈ ગોહીલ દ્રારા આ કામના આરોપી વશરામભાઈ ગોરાભાઈ ગોહીલ વિરુધ્ધ તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ બપોરના એક થી દોઢ વાગ્યાના આસપાસ તેમની જમીનમાંથી આઈ.ઓ.સી.એલની લાઈન નીકળતી હોય અને જમીન લેવેલ કરાવતા હોય ત્યાં આરોપી આવી સાહેદ તથા ફરીયાદીને બેફામ ગાળો આપી ફરીયાદીને લાકડીથી ડાબા હાથના બાવડામા તથા શરીરના અન્ય ભાગોમાં મુંઢ ઈજા બાબતેની ફરીયાદ તા.૨૮/૦૬/૨૦૨૨ ના રોજ આપોલી જે ફરીયાદ આ કામે આંક ૧૭ થી રજુ જે મને બતાવવામા આવે છે જેમા મારી તથા મારી રુબરુ ફરીયાદીની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. પડધરી પો.સ્ટે ખાતે આ કામના આરોપી વશરામભાઈ ગોરાભાઈ ગોહીલ વીરુધ્ધ આઈ.પી.સી કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી પી એકટ ૧૩૫ મુજબ આરોપીએ ગુન્હો કરેલ હોય તે મુજબ ફરીયાદ આપતા પડધરી પો.સ્ટે ખાતે એફ.આઈ.આર ૨૨૦૩૩૭/૨૦૨૨ થી ગુન્હો દાખલ કરેલ. જે અસલ એફ.આઈ.આર મને બતાવામાં આવે છે જેમાં પી.એસ.ઓ તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે ને દા.રજુ આંક ૩૧ થી રજુ છે. ત્યારબાદ આ કામની સદર એફ.આઈ.આર નોંધી એમ એલ.સી ના કામે સૌપ્રથમ તપાસ અમારા કામના પુરોગામી આર.જી.જારીયાનાઓએ અમોને સોંપવામાં આવેલી જે અંગેનો લેખીત ડે.હુકમ મને બતાવામાં આવે છે જેમાં પી.એસ.ઓની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જેને દા.રજુ આંક ૩૨ થી રજુ .તેમજ આ કામે તપાસ કરનાર દ્રારા ગુન્હો રજી કરવા રીપોર્ટ આપવામા આવેલો જે આ કામે રજુ જેને દા રજુ આંક ૩૩ થી રજુ છે જેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. તપાસ મળતા સૌપ્રથમ અમોએ સ્થાનીક જગ્યાનુ

પંચનામુ કરેલ જે આ કામે આંક ૨૨ થી રજુ જે મને બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા મારી તથા મારી રુબરુ પંચોની સહી છે.તેમજ આ કામે આંક ૧૦ મુજબનુ અટક પંચનામુ તેમજ મુદામાલ પાવતી મને બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે તેમા મારી તથા મારી રુબરુ પંચોની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ.આ કામે ફરીયાદીને ઈજા થયેલ હોય તેમનુ સરકારી હોસ્પિટલ રાજકોટ ખાતેથી સારવાર પ્રમાણપત્ર તેમજ સાધનીક કાગળો મેળવવાની તજવીજ કરેલ જે લેખીત પત્ર તા.૦૮/૦૨/૨૦૨૩ તથા ૦૪/૦૫/૨૦૨૨ રજુ જેને દા.રજુ આંક ૩૬,૩૭ આપવામાં આવે છે. જે જોઈને કહુ છુ કે આ તેજ છે જે મે તપાસના કામે કબ્જે કરેલ.આ કામે ફરીયાદી દ્વારા તપાસના કામે વળતર મેળવવા માટે આઈ.ઓ.સી.એલ ને કરેલ અધીકાર/સંમતી પત્ર રજુ કરેલ જે અમે કબ્જે કરેલ જે નકલને બચાવપક્ષના વાંધા સાથે જેને દા.રજુ આંક ૩૮ આપવામાં આવે છે.તેમજ આ કામના આરોપીએ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી રાજકોટનુ તા. ૦૧/૦૬/૨૦૨૨ થી ૩૦/૦૬/૨૦૨૨ નુ હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય અને જી.પી.એકટ ૧૩૫ મુજબ ગુન્હો કરેલ હોય ઉપરોકત જાહેરનામુ મેળવી તપાસના કામે રજુ કરેલ જેને દા.રજુ આંક ૩૯ આપવામાં આવે છે.તેમજ તપાસ અંતે પુરતો પુરાવો મળતા નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલ .આ કામના આરોપીને જોયે ઓળખુ છુ જે અદાલતમાં હાજર છે.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે રહેતા નથી અને મે કહેવાતી જગ્યાની માલિકીના કોઈ પુરાવા કબ્જે કરેલ નથી. એ હકીકતને સ્વીકાર કરે છે કે, આંક ૩૮ વાળા સંમતીપત્રકની ઝેરોક્ષ છે જેની કોઈ અમે ખરાઈ કરેલ નથી અને ફરીયાદી તથા આરોપી બંને સગા ભાઈઓ છે તથા સામાન્ય સંજોગોમાં સીમ કે વાડીમાં લાકડીઓનો ઉપયોગ થતો હોય છે તેમજ મે ફરીયાદી જે જગ્યાએ રહે છે તેના ઘરે જઈ કોઈ નીવેદન લીધેલ નથી કે કોઈ તપાસ કરેલ નથી. એ હકીકતને ઈન્કાર કરે છે કે, મે આઈ.ઓ.સી.ના કર્મચારીના કે જે.સી.બી ના ડ્રાયવરના કોઈ નીવેદન લીધેલ નથી. એ હકીકતને સ્વીકાર કરે છે કે, ફરીયાદીએ તેની ફરીયાદીમાં

આઈ.ઓ.સીના કર્મચારીના કોઈ નામ સરનામા કે વિગત જણાવેલ નથી અને ફરીયાદીએ તેની ફરીયાદીમાં જે.સી.બીના ડ્રાયવરની કોઈ નામ સરનામા કે વિગત જણાવેલ નથી તથા હાલના ફરીયાદીએ બનાવ બાદ પાછળથી મને કોઈ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલ નથી. એ હકીકતને ઈન્કાર કરે છે કે, હાલનો આવો કોઈ બનાવ બનેલ ન હોય માત્ર ને માત્ર ફરીયાદીને જમીન બાબતે મનદુખ હોય આમ છતા ફરીયાદીની ખોટી ફરીયાદને અનુરુપ ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે અને હાલના બનાવ અંગે નોંધાયેલ સ્થાનીક જગ્યાનુ પંચનામુ તથા પંચોના નીવેદન પોલીસ સ્ટેશનમાં જાતે બેસીને લખી લીધેલ તથા હાલના કામના આરોપી વિરૂદ્ધમાં કોઇ પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૮.૭) ફરિયાદપક્ષ તરફે જાહેરનામાનાં સાહેદ નિલેષભાઈ વિરમભાઈ ધ્રાંગીયા આંક–૩૮ થી તેઓએ જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હું પડધરી મામલતદાર કચેરી ખાતે સને–૨૦૨૩ થી નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવું છું. ગત તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ અધિક ચીટનીસ કલેકટર, રાજકોટ જીલ્લા દ્વારા મામલતદારશ્રી, પડધરીને ઉલ્લેખીને હાલના કામે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રી દ્વારા જાહેરનામાંની નકલ સાથે હાજર રહેવા સુચના મળેલ છે જે સુચના પત્ર ક્રમાંક. જે/એમએજ/ફા.નં.૧૫/–૨૦૨૫ આ કામે રજુ કરૂ છું. જેને રજુ દાખલ આંક– ૩૯ આપવામાં આવે છે. આ સુચના અનુસાર મામલતદારશ્રી, પડધરી દ્વારા અમોને ઓથોરીટી આપી હાલના કામે હાજર રહેવા લેખિતમાં સુચના આપેલ હોય જે લેખિત સુચના પત્ર ક્રમાક MAG / COURTSUMMONS / વશી – 1510 / ૨૦૨૫, તા.15/10/2025 આ કામે રજુ કરૂ છું જેને રજુ દાખલ આંક–૪૦ આપવામાં આવે છે. આજ રોજ અમારી કચેરી થી આ કામે રજુ કરવામાં આવેલ જી.પી.એક્ટ ૧૯૫૧ ની કલમ–૩૭(૧) મુજબ હથિયારબંધી જાહેરનામું મને બતાવવામાં આવે છે. જેમાં ક્રમાંક–૧ પરથી લાકડી, લાઠી કે બીજા હથિયારો વડે શારિરિક ઈજા કરી શકાય કે સાથે રાખી ફરવાનું સખ્ત મનાઈ કરવામાં આવે છે જેનો ભંગ થાય તો જી.પી.એક્ટની કલમ–૧૩૫ હેઠળ શિક્ષાપાત્ર થશે તેવું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જે

જાહેરનામાંમાં અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી કે.બી.ઠકકરઓની સહિ છે જે અમારા ઉપરી અધિકારી હોય તે હું ઓળખી બતાવું છું. સદરહું જાહેરનામું ક્રમાંક જે/એમએએજી/ક.૩૭(૧) જા.નામું / મે–૨૦૨૨/ફા.નં.૧૫૮/૧૬, તા.૨૬/૦૫/૨૦૨૨ જે જાહેરનામું તા.૦૧/૦૬/૨૦૨૨ થી ૩૦/૦૬/૨૦૨૨ સુધી અસ્તિત્વમાં રહેલુ છે. જેને રજુ દાખલ આંક–૪૧ આપવામાં આવે છે.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, હું પડધરી ખાતે સને ૨૦૨૩ થી નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવું છું. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આ જાહેરનામું પ્રસિદ્ધ થયેલ ત્યારે હું પડધરી ખાતે નોકરી કરતો ન હતો. સદર જાહેરનામાં ની પ્રસિદ્ધી બહોળા પ્રમાણમાં, ટીવીપર, સોશીયલ મીડીયા થી, ઢોલ થી કે સરકારી ઓફીસ, પોલીસ સ્ટેશનમાં કે ગ્રાંમ પંચાયતમાં, શેરીમાં એક જ દિવસમાં ચોડી બજાવીને જાહેર પ્રસિદ્ધી થયેલ હતી કે કેમ તે અંગે અમોને કોઈ જાત માહિતી નથી. સાહેદ જણાવે છે કે નિયમોસાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. એ હકીકતનો સ્વીકાર કરે છે કે, અમોએ જે જુબાની આપેલ છે તે રેકર્ડ આધારીત આપેલ છે.

(૮.૮) ફરિયાદપક્ષ તરફે સાહેદ સોમીબેન કમાભાઈ ગોરાભાઈ ગોહિલ આંક–૪૪ થી તેઓએ જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, હાલનો બનાવ ની તારીખ મને યાદ નથી. હાલનો બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલ હતો ત્યારે હુ મારા ઘરે હતી ત્યારે મારા પૌત્ર નૈતીક બનાવ વિશે જાણ કરેલી અને મને કહેલ કે નૈતીક તેના દાદા કમાભાઈ ભેગો મોટી ચણોલ ગામમા આવેલ ખેતરમા હતો ત્યારે મારા જેઠ વશરામભાઈ સાથે તેમને ઝઘડો થયેલ અને મારા પતિને મારા જેઠે લાકડી મારેલી અને મારા પતિને હાથના ભાગે ઈજા થયેલી અને તેમને હાથમા સળીયો ફીટ કરવામા આવેલો.આ ઝઘડો એટલા માટે થયેલ કે અમારા ખેતરમા જે.સી.બી લાઈન પુરવા માટે આવેલી. આ જે.સી.બી કોણ લઈ આવેલુ તેની મને ખબર નથી.જે.સી.બી. અમારા ખેતરમા આવવા બાબતે અમોને ખબર પડતા મારા પતિ ખેતરે ગયેલા આ જે.સી.બી ચાલકને પુછતા તેઓએ મને કહેલ કે લાઈન પુરવા આવેલ છીએ

અને મારા પતિએ કહેલ કે પુરી દયો અને તેવામા મારા જેઠ વશરામભાઈ આવેલા અને કહેલ કે શુ કામ લાઈન પુરો છો અને કામ બંધ કરો જેથી જે.સી.બી વાળાએ કામ બંધ કરી દીધેલુ અને જેઠે કહેલ કે આ લાઈન બાબતના પૈસા લેવાના બાકી છે તે બાબતે ચર્ચા થયેલી.અન્ય કોઈ જગ્યાએ ઈજા થયેલી ન હતી.આરોપીને જોયે ઓળખી શકુ.પોલીસે મારો જવાબ નોંધેલો.

આરોપીપક્ષ તરફે તેઓનાં વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવા તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મને લખતા વાંચતા આવડતુ નથી અને મે પોલીસને મારુ માત્ર નામ સરનામુ લખાવેલ તે સીવાય કાઈ લખાવેલ નથી તથા બનાવ સમયે હુ હાજર ન હતી જેથી બનાવમા ત્યા શુ બનેલ તેની મને ખબર નથી.

**(૯) પુરાવાનું મુલ્યાંકન :–**

**(૯.૧) મુદા નં. ૧ ની ચર્ચા :–**

સદર કામે રેકર્ડ પરનો પુરાવો જોવામા આવે તો સદર કામે આંક–૧૬ થી ફરિયાદીની સરતપાસ તથા બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઉલટ તપાસને સાથે વંચાણે લેવામાં આવે તો સદર કામનાં મુળ ફરિયાદી તેઓની સરતપાસમાં બનાવનું સ્થળ તથા બનાવ શા કારણે બનેલ તે પોતાની જુબાનીમાં જણાવે છે અને બનાવમાં મારા મોટાભાઈ વસરામભાઈ ગોરાભાઈ ગોહીલેને ફરિયાદીને કહેલ કે આઇ.ઓ.સીના સાહેબો એ બાવળો ઉઘાડેલ નથી આ બાવળો આપણી ભુલના કારણે બાવળો ઉગેલા છે તેમ કહેતા વસરામભાઇ લાકડી લઈ મારી પર તુટી પડીયા અને મને ડાબા પગના ગુડા (ઘુંઠણ) તથા જમણા ખભાની પાછળ પીઠના ભાગે તેમજ જમણા કાંડે મારેલ હતું, પછી ફરી ડાબા હાથના પંજામાં માર મારેલ હતો અને મને તેમાં ડાબા હાથની છેલ્લી આંગળીમાં ફ્રેકચર થયેલ હોવાનું જણાવેલ છે અને જે લાકડીથી તેઓને માર મારેલ છે તે લાકડી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. જ્યારે સદર કામે આંક–૨૪ થી મેડીકલ ઓફીસરશ્રીને તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાનીને વંચાણે લેવામાં આવે તો ફરિયાદી જ્યારે સારવાર

અર્થે આવેલ હતા ત્યારે ઈજા અંગેની હિસ્ટ્રી પુછતા "તા.૨૭/૦૬/૨૦૨૨ ના રોજ બપોરેનાં ૧૨–૩૦ વાગ્યે મોટી ચણોલમાં ગામે એક વ્યક્તિએ લાકડી વડે માર મારતા સારવાર માટે હોસ્પિટલ લાવેલ હતા" ની હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે. તેમજ સદર કામે આંક–૨૫ થી રજુ કરવામાં આવેલ સારવારનાં પ્રમાણપત્રને વંચાણે લેવામાં આવે તો તેમાં પણ મેડીકલ ઓફીસસશ્રીનાં જણાવ્યા મુજબની જ હકીકત ફરિયાદીએ જણાવેલ હોવાનું વંચાણે લેતાં જણાઈ આવે છે. આમ, ફરિયાદી તેઓની જુબાનીમાં તેઓને થયેલ ઈજા તેઓનાં મોટા ભાઈ એટલે કે સદર કામનાં આરોપી દ્વારા કરેલ હોવાનું જણાવેલ છે, જ્યારે ડૉકટર સમક્ષની હિસ્ટ્રીમાં તેઓને થયેલ ઈજા કોઈ અજાણ્યા ઈસમે કરેલ હોવાનું જણાવેલ છે. આમ, આરોપી ફરિયાદીનાં સગાભાઈ હોવાનું પુરાવા ઉપરથી જણાઈ આવે છે. તે બાબતે આરોપીપક્ષ તરફે કોઈ તકરાર ઉઠાવેલ નથી. આમ, જ્યારે આરોપી ફરિયાદીના સગા મોટાભાઈ થતાં હોય ત્યારે તેઓ પોતાના સગા ભાઈને કોઈ અજાણ્યા ઈસમ હોવાનું ડૉકટર સમક્ષની હિસ્ટ્રીમાં જણાવે નહીં. આમ, આંક–૨૫ થી રજુ મેડીકલ સર્ટીફિકેટને ધ્યાને લેતાં ફરિયાદીને ઈજા થયેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ, આ ઈજા સદર કામનાં આરોપીએ જ કરેલ હોવાનું માની શકાય નહીં. કારણ કે, ફરિયાદી તથા આરોપી બંન્ને સગા ભાઈઓ છે. કોઈપણ વ્યક્તિને ગમે તેટલી ગંભીર ઈજા થયેલ હોય પરંતુ, તે પોતાના ભાઈને અજાણ્યો ઈસમ કહી શકે નહીં. જ્યારે ફરિયાદી ડૉકટર સમક્ષની હીસ્ટ્રીમાં તેઓને કરેલ ઈજા અજાણ્યા ઈસમે કરેલ હોવાનું જણાવેલ છે. જેથી ફરિયાદીને સદર કામનાં આરોપી દ્વારા લાકડી વડે માર મારી ઈજા પહોંચાડી ફ્રેકચર જેવી ઈજાઓ કરેલ હોવા બાબતે શંકા ઉત્પન્ન થાય છે. વધુમાં, સદર કામે આંક–૦૮ થી સાહેદ સીરાઝુદ્દીનને તપાસેલ છે. જેઓ બનાવ સ્થળે ગયેલ હોવાનું જણાવે છે અને આરોપીને પણ ઓળખી બતાવે છે. પરંતુ, તેઓ ફરિયાદપક્ષને સમર્થનકારક કોઈ જુબાની પુરી પાડતા નથી તથા ઉલટ તપાસમાં બનાવ સ્થળે કોઈ ગાળાગાળી કે મારામારી થયેલ હોય તેમ બનેલ ન હોવાનું તથા બનાવ નજરે જોયેલ ન હોવાનું સ્વીકાર કરેલ છે. તેમજ આંક–૪૪ થી તપાસવામાં આવેલ સાહેદ તેઓની જુબાનીમાં ફરિયાદીનાં

મોટાભાઈએ ફરિયાદીને લાકડી વડે માર મારી ઈજા કરેલ હોવાનું અને તે ઈજાની સારવાર લીધેલ હોવાનું જણાવેલ છે. જયારે તેઓ આરોપી તરફે લેવામાં આવેલ ઉલટ તપાસમાં પોલીસને માત્ર માત્ર નામ સરનામું લખાવેલ તે સિવાય કાંઈ લખાવેલ નહીં તેમજ બનાવ સમયે હાજર ન હોવાનું અને જેથી બનાવમાં ત્યાં શું બનેલ તેની ખબર ન હોવાની હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ, સદર કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાનીથી ફરિયાદીની હકીકતને નિઃશંકપણે સમર્થન મળતુ નથી.

તેમજ સદર કામે આંક–૨૨ થી સ્થાનિક જગ્યાનું પંચનામું તથા આંક–૧૦ થી અટક તથા મુદ્દામાલ રીકવર કર્યાનું પંચનામું રજુ કરવામાં આવેલ છે. આમ, અટક પંચનામું વંચાણે લેતાં આરોપીની અટક કરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે તેમજ સદર આંક–૧૦ નાં પંચનામાનાં પંચસાહેદ તેઓની જુબાનીમાં પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવવા સિવાય પંચનામાની અન્ય કોઈ હકીકતને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય ત્યારે માત્ર આરોપીની અટક કરવા માત્રથી ફરિયાદની હકીકત પુરવાર થતી નથી. તેમજ રજુ કરવામાં આવેલ સ્થાનિક જગ્યાનું પંચનામું વંચાણે લેવામાં આવે તો બનાવની જગ્યા રેકર્ડ ઉપર આવે છે. પરંતુ, માત્ર બનાવની જગ્યા રેકર્ડ ઉપર આવવાથી ફરિયાદીની હકીકત પુરવાર થતી નથી. આમ, ફરિયાદપક્ષે સદર કામે રજુ કરવામાં આવેલ સદર પંચનામાઓ ફરિયાદપક્ષને મદદરૂપ થતા નથી.

તેમજ આંક–૩૧ થી પી.એસ.ઓ.ને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની જુબાનીમાં ગુન્હો દાખલ કર્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ ન હોવાની હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. તેમજ આંક–૩૫ થી તપાસ કરનાર અધિકારીશ્રીને તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની જુબાનીમાં તેઓએ કરેલ તપાસ મુજબની હકીકત જણાવેલ છે. આમ, રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેવામાં આવે તો ફરિયાદી તેઓની જુબાનીમાં આરોપીને તેમજ મુદ્દામાલ લાકડીને ઓળખી બતાવે છે. પરંતુ, સદર કામે રજુ થયેલ મેડીકલ હિસ્ટ્રીને વંચાણે લેતાં આરોપી ફરિયાદીનાં સગા મોટાભાઈ થતા હોવા છતાં તેઓને કોઈ અજાણ્યા

માણસે ઈજા કરેલ હોવાનું જણાવતા હોય ત્યારે ખુદ ફરિયાદી તેઓની જુબાનીમાં તેમજ ડૉકટર રૂબરૂની મેડીકલ હિસ્ટ્રીમાં આરોપીની ઓળખ અંગે અલગ અલગ અને વિરોધાભાસી હકીકત જણાવતા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે તેમજ સદર કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોની જુબાનીથી પણ નિઃશંક સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આમ, ફરિયાદપક્ષ તે હકીકત નિઃશંકપણે પુરવાર કરેલ નથી કે આરોપીએ ફરિયાદીને લાકડી વતી ડાબા હાથનાં બાવળામાં તથા જમણા હાથની કલાઈમાં તથા ડાબા પગનાં ગોઠણમાં તથા વાંસાના ભાગે એમ આડેધડ લાકડીઓ મારી મુંઢ ઈજાઓ પહોંચાડી આઈ.પી.સી.ની કલમ–૩૨૫, ૩૨૩ મુજબનો ગુન્હો કરેલ છે. જેથી **મુદ્દા નં. ૧ નો જવાબ "નકારમાં"** આપવામાં આવે છે.

**(૯.૨) મુદ્દા નં.૨ ની ચર્ચા:–**

વધુમાં, સદર કામે તપાસવામાં આવેલ ફરિયાદી તેઓની જુબાનીમાં આરોપીએ શું ગાળો આપતા હોવાનું જણાવેલ નથી. પરંતુ, તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, મારા મોટાભાઈ વસરામભાઈ ગોરાભાઈ ગોહિલ સ્થળ પર આવેલ હતા અને તેઓ જે.સી.બી ચાલકને મન ફાવે તેમ ગાળો આપી કહેલ કે તારૂ જે.સી.બી બહાળ કાઢી લે નહિતર તને ધોકા ભેગો પાડી દઈશ આમ, આરોપીને ઈ.પી.કો.કલમ–૫૦૬(૨) હેઠળ તકસીરવાન ઠરાવવા માટે જે વ્યકિતને ધમકી આપવામાં આવી હોય તે વ્યકિતને ભય ઉત્પન્ન થયેલ હોવો જોઈએ અને તે ભય એવા પ્રકાર નો હોવો જોઈએ જેથી વ્યકતી પોતાનુ રોજીંદુ કાર્ય કરવામાં અસમર્થ થાય. પરંતુ ફરિયાદી તથા સાહેદોની જુબાનીથી આવો ભય ઉત્પન્ન થયેલ હોય અને તેના કારણે તેઓ પોતાનુ રોજીંદુ કાર્ય કરવામાં અસમર્થ થયેલ હોવાનું જણાય આવતુ નથી. વધુમાં આરોપી પક્ષની દલીલ સંદર્ભે રેકર્ડ પરનો પુરાવો જોતા ફરીયાદી ની જુબાની થકી બનાવ સમયે આરોપી દ્વારા એવા કોઈ શબ્દો ઉચ્ચારવામા આવેલ નથી કે જેનાથી એવુ સાબીત થતુ હોય કે આરોપીએ ઈ.પી.કો.કલમ ૫૦૪

હેઠળનો ગુનો આચરેલ હોય. વધુમા ઈ.પી.કો.કલમ ૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવવાના આવશ્યક તત્વો જોવામા આવે તો આરોપીએ એવા શબ્દોનો ઉચ્ચારણ કરેલ હોવુ જોઈએ કે જેથી તે ઉચ્ચારણ જેના સબંધમા હોય તેનુ અપમાન થયુ હોય અને તે શાંતિનો ભંગ કરવા પ્રેરાય. ફરીયાદપક્ષ ધ્વારા તપાસવામા આવેલ સાહેદોની જુબાની જોતા એ હકીકત આરોપીને તકસીરવાન ઠરાવવા રેકર્ડ પર લાવી શકેલ નથી. વધુમા ના.ગુજરાત રાજયની વડી અદાલતે પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના નં. ૩૩૭ ના ચુકાદામા એમ ઠરાવેલ છે કે.

> ***In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness. The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence. So far as to the Section-506 is concerned, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened.***

આમ, સદર ચુકાદાનાં સિદ્ધાંતોને ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધ ફરિયાદીને ભુંડી ગાળો તથા બેફામ ગાળો આપી આઈ.પી.સી. ની કલમ–૫૦૬(૨), ૫૦૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી **મુદ્દા નં. ૨ નો જવાબ "નકારમાં"** આપવામાં આવે છે.

**(૯.૩) મુદા નં. 3 ની ચર્ચા :–**

વધુમાં, આ કામે આરોપી વિરૂધ્ધ જયારે જી.પી.એકટ –૧૩૫ મુજબના ગુનાનુ તહોમત છે ત્યારે ફરીયાદપક્ષ તરફે કાયદા મુજબ જાહેરનામુ સાબીત કરવાનું રહેશે. પરંતુ, સદર કામે ફરિયાદપક્ષ તરફે જાહેરનામાનાં સાહેદને તપાસીને સદર જાહેરનામું પુરવાર કરેલ નથી. તેમજ

જે મુદામાલ રીકવરીના પંચ છે. જે પંચનામા પોતાની સહિ સિવાય અન્ય કોઈ હકિકત જણાવતા નથી. પરંતુ તપાસ કરનાર અધિકારી નાએ પંચનામુ તેઓએ કરેલ હોવાનુ જણાવે છે. પરંતુ માત્ર તેઓના સમર્થન માત્રથી તે સાબિત થયેલાનુ માની શકાય નહિ. ફરિયાદપક્ષે જાહેરનામુ કે જે આંક– ૪૧ થી રજુ થયેલ છે તે પણ સાબિત કરવુ જોઈએ આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલ જાહેરનામુ સાબિત કરવામાં સફળ રહેલ છે કે કેમ?, તેની ચર્ચા કરવામાં આવે તો સર્વપ્રથમ ફરીયાદપક્ષ જાહેરનામુ બનાવના સ્થળે અને સમયે બોમ્બે પોલીસ એકટ ની કલમ–૩૭ ની જોગવાઈ મુજબ, યોગ્ય રીતે પ્રસિધ્ધી (public promulgation) થયેલ હતી કે કેમ ? તે સાબિત કરવાનું રહેશે જે આ કામે તે હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ ઉપરથી પુરવાર કરેલ નથી, કારણ કે બોમ્બે પોલીસ એકટની કલમ–૩૭ ની જોગવાઈ ઘ્યાને લેતા, તે કલમ હેઠળ બહાર પાડવામાં આવેલ જાહેરનામાની, તે જોગવાઈમા જણાવ્યા મુજબ 'સાર્વજનિક ઘોષણા' (public Promulgation) થવી જરૂરી છે, અને તે 'સાર્વજનિક ઘોષણા' ની હકીકત જો રેકર્ડ પરથી સાબીત ન થાય તો, તેવા જાહેરનામાના ભંગ માટે, 'સાર્વજનિક ઘોષણા' નું અનુમાન માત્ર તે રજુ થયેલ જાહેરનામાના આધારે કરી, આરોપીને બોમ્બે પોલીસ એકટની કલમ–૧૩૫ ના ગુન્હા માટે તકશીરવાન ઠરાવી શકાય નહી. આ અંગે નામ. ગુજરાત હાઈકોર્ટનો નીચેનો ચુકાદો મહત્વનો બની રહે છે.

**IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD**
**R/CRIMINAL APPEAL No. 560 of 2002**
**RAJUBHAI PREMABHAI PATEL**
**Versus**
**STATE OF GUJARAT**

***Reading the aforesaid provisions,it is clear that subsection (1) of section 37 enables the Commissioner of Police and the District Magistrate in areas under their respective charges to prohibit the acts mentioned in clauses (a) to (f) for the preservation of peace and public safety by a***

***notification publicy promulgated or addressed to individ ls within any town, village or place or in the vicinity of any such town, village or place. It is also clear that the power reserved under section 37 of the Act can be exercised by issuing notification and publicly promulgating the same. The expression 'publicly promulgating' is not defined in the Act. However, it should be understood in the normal connotation. The authorities must take steps to have the notification brought to the notice of the public who thereby is and likely that may to be affected be effected by proclaiming it e.g. by the beat of drum or affixing in public places like Police Stations, Chavadis buildings. Mere and other publication public in the Government Gazette cannot be regarded as 'public promulgation' within the meaning of Section 37 of the Act. Subsection (4) of section under 37 empowers subsection (1) the to authority reserve for public purpose any street or public place and prohibit person entering the area so reserved except under such conditions as may Under be prescribed this by subsection, such authority. notice must be publicly promulgated. repetition, I At may the state cost that of mere publication in a Government Gazette is not public promulgation and it should be by a beat police of drum, stations, affixing chavadis order and to other public places."***

***It is an admitted position that no witnesses prosecution were from examined by the office of the the District Magistrate. There is nothing on the record issued that by any the Magistrate, public office besides notice of was District publication in the Government Gazette; by the beat of drum or affixing in public places like Police Stations, Chavadis and other public buildings. Moreover, except evidence of the Investigating witnesses have Officer, been no examined other on the aspect of publication of notification and on the other requirement of Sub-section [4] of Section 37 of the Bombay Police Act, 1951. Mere production of this notification issued by the office of the District Magistrate would not be sufficient to connect the accused with the crime alleged; more particularly, in absence of there being any other cogent evidence to support the same.***

આમ, ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત તથા કરેલ ચર્ચા મુજબ આરોપીએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટનાં જાહેરનામાનો ભંગ કરી જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યાની હકીકત નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી **મુદ્દા નં. ૩ નો જવાબ "નકારમાં"** આપવામાં આવે છે અને **મુદ્દા નં. ૪ અન્વયે નીચે મુજબનો**

**આખરી હુકમ કરવામાં આવે છે.**

**-: હુ ક મ :-**

(૧) આ કામના આરોપી – **વશરામભાઈ ગોરાભાઈ ગોહિલ,** રહે. મોટી ચણોલ, તા.પડધરી, જી.રાજકોટ નાઓને ક્રિ.પ્રો.કો. કલમ–૨૪૮(૧) અન્વયે આઈ.પી.સી. ની કલમ – ૩૨૫, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને એવો હુકમ કરવામા આવે છે કે, તેઓએ સી.આર.પી.સી. ની કલમ–૪૩૭એ મુજબના રૂા.૫,૦૦૦/–ના જાત જામીન તથા તેટલી રકમના જામીન આપવા.

(૩) સદર કામે કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમયગાળો પૂર્ણ થયા બાદ નિયમોનુસાર નિકાલ કરવો.

હુકમ તારીખ– ૨૩ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૬/૨૦૨૬
પડધરી

**(કુ.શ્રદ્ધા એન. ફાળકી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**પડધરી, જી.રાજકોટ,**
**UID GJ–1579**